## પ્રેરણા

તમારા કરુણ એકાંતમાં
અનંતનું જ સખ્ય શોધજો;
મરુભૂમિ જેવા ચિત્તપ્રદેશને તે નંદનકાનન
બનાવી દેશે.

– પ. પૂ. શ્રી નાથાલાલ જોશી

(‘અમૃતમ્’માંથી સાભાર)

# પુરોવચન

પરમ પૂજ્ય શ્રી રમાનાથને શતસહસ્ર પ્રણામ.

અધ્યાત્મપથના ત્રણ 'સ'કાર છે -

સાધન, સ્વાધ્યાય અને સત્સંગ.

સત્સંગ એટલે શું?

પામેલા પુરુષ પાસે બેસીને તેમની અધ્યાત્મવાણીનું શ્રવણ કરવું, તે સત્સંગ છે. સંતોની જીવનધારા વિશે, તેમના અનુભવ વિશે અને તેમની સાથે અધ્યાત્મ પ્રશ્નોત્તરી થાય, માર્ગદર્શન મળે - આ સર્વ સત્સંગનાં સ્વરૂપો છે. રૂબરૂ મુલાકાત ન થાય તો તેમના વિશે રચાયેલા ગ્રંથોનો સ્વાધ્યાય પણ સત્સંગનું એક સ્વરૂપ જ છે.

અમને જે સંતોનો સત્સંગ થયો, તે સત્સંગ સૌને મળે તો કેવું સારું - આ ભાવથી આ ગ્રંથની રચના થઈ છે. એકલા એકલા ખાઈએ તો એકલપેટા ગણાઈએ. આ વિધાન ભોજનની જેમ સ્વાધ્યાય-સત્સંગને પણ લાગુ પડે જ છે.

ભારતીય અધ્યાત્મ પરંપરામાં એવું વિધાન છે કે જે જ્ઞાન આપણે પ્રાપ્ત કરીએ છીએ, તે જ્ઞાન બીજાને આપ્યા વિના જ ચાલ્યા જઈએ તો ઋષિઋણ રહી જાય છે. આ ગ્રંથરચના ઋષિઋણ ચૂકવવાનો એક લઘુ પ્રયત્ન છે, તેમ અમે સમજીએ છીએ.

સંત વિદ્વાન છે કે અભણ છે - તે પ્રશ્ન અપ્રસ્તુત છે. અમે એટલું સમજીએ છીએ કે પ્રભુ સાથે જે પોતાનું જીવન અને ચિત્ત જોડી દે, તે સંત છે. તદનંતર સ્ત્રી-પુરુષ, ધર્મ, જાતિ, સ્થાન - આવા કોઈ ભેદને સ્થાન નથી.

પ્રભુ જગદ્‌બંધુ બંગાળ (વર્તમાન બાંગલાદેશ)માં પ્રગટ થયા અને મહદંશે તેમની લીલાનું સ્થાન પણ તે પ્રદેશ છે. ગુજરાતીમાં તેમના વિશે નહીંવત્ લખાયું છે. ગુજરાતના પ્રેમીભક્તો પ્રભુ જગદ્‌બંધુ વિશે કંઈક જાણે-સમજે તો સારું, તેવા ભાવથી આ ગ્રંથમાં તેમને પ્રથમ સ્થાન આપ્યું છે અને પછી તો ગંગાસતી, મીરાંબાઈ, આંડાલ, સુભદ્રામૈયા, કબીરસાહેબ આદિ સંતોની ધારા ચાલી છે. આપણા ભારતદેશમાં સંતો કેટલા થયા છે? ગણ્યા ગણાય નહીં તેટલા! અને

આપણા કચ્છ-સૌરાષ્ટ્રમાં કેટલા સંતો? અપરંપાર! તેમનો પણ સમાવેશ આ ગ્રંથમાં થયો છે. સેનાનાઈ, સતી લોયણ, સતી તોરલ, અમરબાઈમા, રામબાઈમા, શબરીમા આદિ સંતોની પણ અહીં વાણી દ્વારા પૂજા થઈ છે.

અમે સંતોનો સત્સંગ પામ્યા છીએ, તમે પણ સંતોનો સત્સંગ પામો, એવી ભાવનાથી અમારી કલમ ચાલી છે અને પરિણામે આ ગ્રંથની રચના થઈ છે અને તદનુસાર ગ્રંથનું નામ રાખ્યું છેઃ

'સંત-સત્સંગ.'

સત્સંગ કરવાની તમન્ના ઊભી થાય ત્યારે સંત તો મળે કે ન મળે. સંતનો સંગાથ મળે કે ન મળે તેમ બને છે, પરંતુ સંતની વાણી અને સંતનું જીવન પુસ્તકનો આકાર ધારણ કરે છે, તે પુસ્તક મળે તો? તો પુસ્તક દ્વારા પણ સત્સંગ થાય છે. આ પુસ્તક તમારા હાથમાં મૂકું છું અને તમે પણ અમારી જેમ સત્સંગ પામો, તેવી ભાવના વ્યક્ત કરું છું.

બ્રહ્માનંદજીનું એક ભજન યાદ આવે છેઃ

*સંત પરમ હિતકારી જગત માંહી....*
*સંત પરમ પ્રભુપદ પ્રકટ કરાવત પ્રીતિ ભરમ*
*મિટાવત માહી.... જગત માંહી.*

એક વાર એક જિજ્ઞાસુએ જિજ્ઞાસાવે પ્રશ્ન પૂછ્યો,

'ભગવાન માટે પ્રેમ વધે કેવી રીતે?'

ઉત્તર આપ્યો,

'ભગવાન પ્રત્યે પ્રેમ વધારવાના ત્રણ ઉપાયો છેઃ

૧. ભગવાનના ભક્તોનો સંગ

૨. સંતોનાં જીવનચરિત્રોનો સ્વાધ્યાય

૩. સંતોની વાણીના ગ્રંથોનું પઠન

આમ સંત-સમાગમ એક મૂલ્યવાન સત્સંગ છે અને સંત-સત્સંગ એક મૂલ્યવાન અધ્યાત્મ-સાધન છે. એટલે જ નિષ્ઠાપૂર્વક સાધના કરવા માટે પ્રેરણાદાયી બની શકે તેમ છે.

જાણ્યે કે અજાણ્યે માનવજીવન પર સંગની અસર થાય જ છે. સત્સંગ કે કુસંગ, બંનેની અસર થાય તો પસંદગી આપણે કરવાની છે - કુસંગ કે સત્સંગ? સત્સંગ કરવો છે ને? તો તે માટે અમે આપની સમક્ષ રજૂ કરીએ છીએ, આ,

'સંત-સત્સંગ'

આ ગ્રંથની રચના કરવામાં અમને અનેક મહાનુભાવો અને ગ્રંથો દ્વારા સહાય મળી છે. અમે સૌના ઋણનો સ્વીકાર કરીએ છીએ અને સૌને વંદન કરીએ છીએ!

સૌને વંદન! સૌનો આભાર!

– **ભાણદેવજી**

# અનુક્રમણિકા


1. પ્રભુ જગદ્‌બંધુ . . . . . . . . . . . . . . . . . . . . . . . 1
2. એક વિરલ શિષ્યા - કૃષ્ણાબાઈ. . . . . . . . . . . . . . . . 4
3. વચન-વિવેકઃ ગંગાસતી . . . . . . . . . . . . . . . . . . . 12
4. સત્સંગ . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . 27
5. મીરાંનો મધુરભાવ . . . . . . . . . . . . . . . . . . . . . . 37
6. મીરાંનો સાધનપથ . . . . . . . . . . . . . . . . . . . . . . 46
7. આળવાર-ભક્તિધારા . . . . . . . . . . . . . . . . . . . . . 77
8. શ્રી આંડાલ . . . . . . . . . . . . . . . . . . . . . . . . . 97
9. સોયની શોધ . . . . . . . . . . . . . . . . . . . . . . . . 116
10. સાધ્વી સુભદ્રામૈયા . . . . . . . . . . . . . . . . . . . . 119
11. કબીરસાહેબની અવળવાણી . . . . . . . . . . . . . . . . 128
12. મામા પ્રયાગદાસજી . . . . . . . . . . . . . . . . . . . . 134
13. ગાયક ભક્ત ત્યાગરાજ . . . . . . . . . . . . . . . . . . 139
14. સેના નાઈ . . . . . . . . . . . . . . . . . . . . . . . . . 142
15. સતી લોયણ. . . . . . . . . . . . . . . . . . . . . . . . . 145
16. સતી તોરલ . . . . . . . . . . . . . . . . . . . . . . . . 149
17. અમરબાઈમા . . . . . . . . . . . . . . . . . . . . . . . . 155
18. રામબાઈમા . . . . . . . . . . . . . . . . . . . . . . . . 160
19. શબરીમા . . . . . . . . . . . . . . . . . . . . . . . . . 165